

ચુંટણીનો માહોલ જામી રહ્યો છે ત્યારે વિધાનસભાની કલોલ ખાતેની ટીકીટ સંદર્ભે આજે કલોલના સઈજ ગામમાં ઠાકોર સમાજનું સંમેલન યોજાયું હતું. કોંગ્રેસમાંથી ટીકીટ મેળવવા ઠાકોર સમાજનાં જ ગમાજી ઠાકોર, બળદેવજી ઠાકોર, પ્રતાપજી ઠાકોર સહિતના ચાર ઉમેદવારો હરોળમાં છે ત્યારે સ્થાનિક ઉમેદવારને ટીકીટ મળે તેવી માંગણી ઠાકોર સમાજે વ્યકત કરી હતી. (તસવીર : વિપુલ ચૌહાણ)

# બેચરાજી ખાતેથી ૧૧મીએ સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા નિકળશે

## યાત્રા સાથે મુખ્યમંત્રી રહેશે : ૧૧મીના કાર્યક્રમમાં હાજરી આપવા રાજનાથસિંહ અને જેટલી આવશે

ગાંધીનગર, તા.૭

સ્વામી વિવેકાનંદ જયંતી ૧૧મી સપ્ટેમ્બરે હોઈ આ દિવસે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતેથી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનો પ્રારંભ કરશે અને તેનીસાથે જ આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીનો પણ પ્રારંભ કરશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ યુવા વિકાસ યાત્રા માટે ૧૧મી સપ્ટેમ્બર એટલા માટે પસંદ કરવામાં આવી છે કે આ દિવસ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ છે તેમજ ૧૧મી સપ્ટેમ્બરે જ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનના ચાર હજાર દિવસ પૂર્ણ થાય છે. આ ઉપરાંત આજ દિવસથી સમગ્ર રાજયમાં ગુટખા પર પ્રતિબંધના નિર્ણયનો અમલ શરુ થનાર છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી ડીસેમ્બર ૨૦૧૨માં યોજાનારી છે. આ ચૂંટણી આડે હવે માત્ર ત્રણ મહિનાનો જ સમય બાકી રહ્યો છે. આ ચૂંટણી જંગ જીતવા માટે ભાજપે ચૂંટણીની તૈયારીઓ આરંભી દીધી છે. આગામી ચૂંટણી જંગ જીતવા માટે આ વખતે યુવા મતદારો પર ભાજપે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

યુવા મતદારોને આકર્ષવા માટે સૌ પ્રથમ રાજય સરકારે રાજયમાં જિલ્લા તાલુકા મથકોએ સ્વામી વિવેકાનંદ યુવક મંડળોની રચના કરી ત્યાર બાદ ગત ૧૫મી ઓગષ્ટના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૧મી સપ્ટેમ્બરથી રાજયમાં ગુટખા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયની જાહેરાત કરી.

હવે આગામી ૧૧મી સપ્ટેમ્બરથી રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બહુચરાજી ખાતેથી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા કાઢનાર છે. આ યાત્રાની સાથે જ તેઓ રહેનાર છે. ૧૧મીથી શરૂ થનારી આ યુવા વિકાસ યાત્રા રાજયના ૧૮૨ વિધાનસભા મત વિસ્તારોમાં ફરશે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ૧૧મી સપ્ટેમ્બરે બેચરાજીથી શરુ થનારી યુવા વિકાસ યાત્રા કાર્યક્રમમાં ભાજપના પૂર્વ પ્રમુખ અને રાષ્ટ્રીય નેતા રાજનાથસિંહ અને ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અરૂણ જેટલી ખાસ ઉપસ્થિત રહેનાર છે.

## કલોલનાં બાવાવાળા વાસમાં રહેતો ૪૦ વર્ષીય યુવાન સપ્તાહથી લાપતા

કલોલ, તા.૭

**કલોલનાં બાવાવાળા વાસમાં રહેતો ૪૦ વર્ષીય યુવાન પ્રકાશભાઈ પ્રવિણભાઈ જાની ગત ૩૧ ઓગષ્ટનાં રોજ બપોરે ૨ વાગે કોઈને કહ્યા વગર ઘરેથી ચાલ્યા ગયા હતા. તેમના પત્ની કલ્પનાબહેને સગા-વ્હાલાં અને મિત્ર વર્તુળને કરેલી પૂછપરછ બાદ પણ તેમનો કોઈ જ પત્તો લાગ્યો ન હતો. પ્રકાશભાઈ જાની સાત દિવસ સુધી પણ ઘરે પાછા ન ફરતા કલ્પનાબહેને ગઈકાલે કલોલ સીટી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી દાખલ કરાવી છે. જેના આધારે સીટી પોલીસ મથકનાં પી.એસ.આઈ. એન.કે. ચૌહાણે સઘન શોધખોળ ચાલુ કરી છે.**

# કલોલના રકનપુરમાં રહેતી યુવતીનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ

## ૨૫ દિવસ પહેલા જ પ્રેમલગ્ન કરીને યુવતીને લઈ આવેલો યુવાન બનાવ બાદ લાપતા : યુવતીનું સળગી જવાથી મોત

કલોલ, તા. ૭

કલોલ તાલુકાના રકનપુર ગામે સ્થિત પ્રમુખ ઈન્ડસ્ટ્રીયલ ખાતે છેલ્લા પચીસેક દિવસથી રહેતી ૨૫ વર્ષીય યુવતીનું ગત રાત્રીએ શરીરે દાઝી જવાથી રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નિપજ્યું છે. આ યુવતી સાથે રહેતો યુવાન આ ઘટના બાદ લાપતા થઈ જતા અનેક શંકા કુશંકા ઉદ્‌ભવી છે. યુવાન તેણીની સાથે પ્રેમલગ્ન કરીને તાજેતરમાં જ કલોલ રહેવા આવી ગયો હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. કલોલ તાલુકા પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી એફએસએલની ટીમને બોલાવી મૃત્યુનું કારણ બહાર લાવવા ગતિવિધિ તેજ કરી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના રકનપુર ગામે પ્રમુખ ઈન્ડસ્ટ્રીયલ ખાતે એક મકાનમાંથી એકાએક બુમાબુમ અને ચીસાચીસ શરૂ થઈ જતાં તે મકાન પાસે આસપાસના પડોશીઓ દોડી આવ્યા હતા. મકાનમાં જોયું તો એક યુવતી શરીરે ભડકે બળી રહી હતી. તાત્કાલીક લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી સોલા સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે મોકલી દીધી હતી. આ સમયે યુવતી સાધના સાથે રહેતો વિક્રમ ઘરેથી નીકળીને ક્યાંક ચાલ્યો ગયો હતો. દરમ્યાન સાધનાની હાલત વધુ ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે મોકલી દેવાઈ હતી. જ્યાં તેણીનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસને આ બાબતે જાણ થતા કરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે સાધનાને નાની વયે લગ્ન થઈ ગયા હતા. ત્યારબાદ વિક્રમ તેને પ્રેમ લગ્ન કરીને ૨૫ જેટલા દિવસ અગાઉ જ ભગાડીને કલોલ રહેવા લઈ આવ્યો હતો અને બન્ને સાથે રહેતા હતા. બન્નેના લગ્ન થયેલા હતા કે કેમ તે સંદર્ભે પોલીસે તપાસ શરૂ કરી છે. પરંતુ મહત્વની બાબતે છે કે જીવન-મૃત્યુ વચ્ચે જ્યારે સાધના ઝોલા ખાઈ રહી હતી ત્યારે વિક્રમ ફરાર થઈ ગયો હતો. સાથે મદદે હોવાના બદલે ભાગી જતાં આ બાબતમાં કંઈક શંકાસ્પદ હોવાનું પોલીસને લાગી રહ્યું છે. પ્રાથમિકતપાસમાં સાધનાએ કેરોશીન છાંટીને આપઘાત કર્યો હોવાનો અંદાજ પોલીસ લગાવી મૃતદેહ પી.એમ. માટે મોકલી એફએસએલની ટીમ બોલાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. અને બીજી તરફ ફરાર થઈ ગયેલા વિક્રમની શોધખોળ શરૂ કરીને અને શંકાઓ દૂર કરવાના પ્રયત્નો પી.એસ.આઈ. હડુલાએ હાથ ધર્યો છે.



અમદાવાદના આસ્ટોડિયા પાસેની માંડવીની પોળમાં જર્જરીત મકાન ધરાશાયી થયું હતું.

# આસ્ટોડિયામાં મકાન તૂટી પડતાં એકનું મોત

અમદાવાદ, તા.૭

શહેરના આસ્ટોડિયા ખાતેની માંડવીની પોળ ખાતે એક જર્જરીત મકાન તૂટી પડતા એક સ્કુટર ચાલકનું મોત થયું હતું. ઘટનાને પગલે ભારે અફડા-તફડી મચી ગઈ હતી. આ અંગેની જાણ થતાં ખાડીયા પોલીસ અને ફાયર બ્રિગેડનો કાફલો તુરંત દોડી ગયો હતો.

ઘટનાની વિગતો એવી છે કે આજે બપોરના ૧૨.૨૦ વાગ્યાના સુમારે આસ્ટોડિયા માંડવીની પોળ ખાતે એક જર્જરીત મકાન ધડાકાભેર તુટી પડ્યું હતું. દરમ્યાનમાં ત્યાંથી એકટીવા લઈને પસાર થઈ રહેલા એક આધેડ કાટમાળ નીચે દટાઈ ગયા હતા. દરમિયાનમાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરાતા ફાયર ટીમ તુરંત દોડી ગઈ હતી. ફાયર બ્રિગેડે તુરંત કાટમાળ નીચે દટાયેલી વ્યક્તિને બહાર કાઢી હતી. સારવાર માટે તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં ખાડીયા પોલીસ પણ દોડી આવી હતી.

ખાડીયા પોલીસે તપાસ કરતા મૃતકનું નામ મુકેશ બાબુલાલ ચાવડા (ઉ.વ.૪૫) રહે. પીપળાવાસ, ગોળ લીમડાના હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# દહેગામ-અમદાવાદ માર્ગ પર ઉમિયા માતા મંદિરમાં ચોરી : ચોકીદારને મોતને ઘાટ ઉતારી ચોરો ફરાર

ગાંધીનગર, તા.૭

દહેગામથી અમદાવાદ જવાના માર્ગ પર આવેલા ઉમિયા માતાજીના મંદિરને અજાણ્યા ઈસમોએ નિશાન બનાવ્યું હતું અને ચોકીદારના માથા પર બોથડ પદાર્થ મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. બાદમાં માતાજીની મૂર્તિ કિં. રૂ.૧૦,૦૦૦ની લૂંટ કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ દહેગામથી અમદાવાદ જવાના હાઈ-વે પર આવેલ ઉમિયા માતાજીના મંદિરને ગત રાત્રિના સમયે જ ઈસમોએ નિશાન બનાવ્યું હતું. અને મંદિરમાં પ્રવેશ કર્યો હતો અને મંદિરના ચોકીદાર બાબુભાઈ દેવશીભાઈ પટેલ (ઉ.વ. ૫૯ રહે. બાયડ)ને બોથડ પદાર્થથી જોરદાર માથાના ભાગે ફટકો માર્યો હતો. જેથી ચોકીદાર લોહી લુહાણ થઈ ગયો હતો. અને તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. બાદમાં મોકાનો ફાયદો ઉઠાવી ૪ ચોર ઈસમોએ મંદિરમાં પ્રવેશ કરી માતાની મૂર્તિ અને ચાંદીનું છત્તર લઈ પલાયન થઈ ગયા હતા. આ મામલે મનહરભાઈ પ્રહલાદભાઈ જોષીએ ફરિયાદ આપતા દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પલીયડમાં બીએસએનએલ ટાવરના કેબલ અને ફયુઝમાં તોડફોડ

કલોલ, તા.૭

જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા પલીયડ ગામમાં સ્થિત બી.એસ. એન.એલ. કંપનીના એક ટાવરના કોઈ શખ્સ ધોળે દિવસે કેબલ વાયર અને ફયુઝ તોડી નાંખી નુકશાન કર્યું હોવાની ફરિયાદ કલોલ તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે. બીએસએનએલ કંપનીના ટાવરને જ કેમ નિશાન બનાવીને તોડફોડ કરવામાં આવી તે પણ એક ચર્ચાનો વિષય બન્યો હતો. જો કે આ કંપનીમાં છાશવારે ટાવરનાં થતાં ધાંધિયાથી કંટાળીને કોઈ ભોગ બનનારે કૃત્ય કર્યું હોવાનું પણ લોકમુખે ચર્ચાતું હતું.

પલીયડ ગામમાં બી.એસ. એન.એલ. કંપની ટાવરનો કેબલ વાયર અને ફયુઝ તોડી નાંખનાર શખ્સે આ કૃત્ય સવારે ૧૧ થી ૧૨ વાગ્યાના સમયગાળામાં કર્યું હોવાનું કંપનીના ટેકનીશીયનનું કહેવું છે. ટેકનીશીયન રાકેશભાઈ માણાભાઈ પટેલની ફરિયાદને આધારે કલોલ તાલુકા પોલીસે અજાણ્યા શખ્સોએ કરેલા કંપનીના રૂ. ૪૦૦૦ના નુકશાન સંદર્ભે ગુનો નોંધી તેમની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

# જિલ્લામાં વણથંભી વિકાસયાત્રા દરમ્યાન પ્રકૃત્તિ પરીક્ષણના કેમ્પે આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસ યાત્રાના બીજા તબક્કામાં ૨૯ જેટલા સ્થાનો પર જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા પ્રકૃત્તિ પરીક્ષણના ખાસ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ગાંધીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા આ પ્રકૃત્તિ પરીક્ષણના ખાસ શિબિરોના કરાયેલા આયોજનને આજે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે બિરદાવ્યા હતા અને તંત્રને અભિનંદન આપતાં જણાવ્યું હતુ કે સરકાર સૌના સ્વાસ્થ્યની ચિંતા કરે છે તે આ શિબિરોના આયોજનથી સંકેત મળે છે.

શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે આયુર્વેદ એ ભારતીય પરંપરાની સૌથી જુની તબીબીપેથી છે. આ દવાઓ રોગને જડમૂળથી નાબુદ કરે છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પ્રકૃત્તિ પરીક્ષણ શિબિરનો જિલ્લાના ૧૫૦૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. આ પ્રકૃત્તિ પરીક્ષણ આયુર્વેદમાં વ્યક્તીની સારવાર માટે મહત્વનું લેખવામાં આવે છે.

# પાલનપુરમાં આર્કીટેકે રિવોલ્વરથી ગોળીમારી આત્મહત્યા કરતા ભારે ચકચાર

પાલનપુર, તા. ૭


પાલનપુર શહેરના ઢુંઢિયાવાડી વિસ્તારમાં આજે સવારે એક ૩૦ વર્ષીય આર્કીટેક યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના માથાના ભાગે રિવોલ્વરની ગોળી મારી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે આ યુવકના અપમૃત્યુને લઈ શહેરમાં અનેક તર્ક-વિતર્કો વહેતા થવા પામ્યા હતા.

પાલનપુરના આ ચકચારી બનાવની વિગત જોઈએ તો શહેરના ઢુંઢિયાવાડી વિસ્તારમાં આવેલી કોહિનુર બિલ્ડીંગના પાછળના ભાગે રહેતા સુથાર પરિવારના એક ૩૦ વર્ષીય યુવક વિષ્ણુ રામજીભાઈ સુથાર જે આર્કીટેકના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. આ આર્કીટેક યુવકે સવારના સમયે પોતાના મકાનમાં કોઈ અગમ્ય કારણોસર માથાના ભાગે રિવોલ્વરની ગોળી ચલાવી દેતા તે લોહી લુહાણ હાલતમાં જમીન ઉપર ઢળી પડ્યો હતો. જો કે આ બનાવની જાણ થતાજ તેના પરિવારજનોએ તેને તાબડતોબ સારવાર અર્થે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ગંભીર રીતે ઘાયલ આ યુવકની સરકારી હોસ્પિટલમાં હાલત નાજુક જણાતા તેને વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડવામાં આવ્યો હતો. જો કે આ યુવક મહેસાણા પહોંચે તે પહેલાં જ રસ્તામાં તેનું કરૂણ મોત થયું હતું.

આમ પાલનપુરમાં એક યુવકે કોઈ અગમ્ય કારણોસર લમણે ગોળી મારી આ ફાની દુનિયાને અલવિદા કરી દેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે શહેર પશ્ચિમ પોલીસે જાણવા જોગ ગુનો દાખલ કરી મૃતદેહને પી.એમ. અર્થે પાલનપુરની સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી અને આ બનાવ અંગે ધોરણસરની તપાસ હાથ ધરી હતી.

## શબ્દાવલી - ૪૮૩૭



**આડી ચાવી**

૧. હારેલું (૪)
૪. કસરતનું એક સાધન (૩)
૬. સોગન, સમ (૩)
૭. ધાબળો, ગરમ કામળો (૩)
૮. ખજૂર સૂકવીને... બનાવાય (૩)
૧૦. બાતલ, કૅન્સલ (૨)
૧૪.... ને તેડું ના હોય (૩)
૧૬. મા-બાપ પિયર સંબંધી (૪)
૧૮. એક કાંટાળા ઝાડના દાતણ થાય (૩)
૧૯. વૃધ્ધત્વ અને વ્યાધિ દૂર કરનાર ઔષધ (૪)
૨૦. ચોળાની દાળની એક બનાવટ (૨)
૨૧. બંદૂકને... પણ કહેવાય (૨)
૨૨. ઉપયોગ, પ્રયોગ (૪)

**ઊભી ચાવી**

૧. પકાવેલ અનાજ (૪)
૨. ગરબા, ડાંડીયા... (૨)
૩. રમતગમતની મંડળીને રમવાની જગ્યા (૪)
૪. પ્રયોગશાળા (૨)
૫. ઊંડા પાણીવાળો ધરો (૨)
૭. કાંકરો, નાનો પથ્થર (૩)
૯. ચલણી સિક્કા પાડવાનું કારખાનુ (૪)
૧૧. ગુરૂ દત્તાત્રેયના જીવન ચરિત્રને લગતું સ્તોત્ર (૫)
૧૨. મૃત્યુ, મોત (૪)
૧૩. મારવાનો તાંત્રિક પ્રયોગ (૩)
૧૫. મા કહે તેમજ કરાય કે થાય તેવું માનનારો માણસ (૪)
૧૬. રસ્તો, કેડી (૩)
૧૭. નક્કી કરવું, ... કરવું (૨)

### શબ્દાવલી ૪૮૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) રીઢું (૨) પાપા (૪) ચણ (૫) ગણિકા (૬) રીંગણ (૭) પાતરાં (૯) વૅફર (૧૨) રોગ (૧૩) શરાફ (૧૫) દેન (૧૭) કદ (૧૯) કિરણ (૨૦) પારાવાર (૨૨) રોમ (૨૩૦પિલોર

**ઊભી ચાવી :-** (૧) રિપેરીંગ (૨) પાણી (૩) પાકા (૪) ચબુતરો (૫) ગણવેશ (૮) રાગડો (૧૦) ફરાર (૧૧) રફ (૧૪) તકરાર (૧૫) દેકિરો (૧૬) નરમ (૧૮) દવા (૨૦) પાલો (૨૧) રજા

# બનાસકાંઠા ભાજપના તમામ સેલની બેઠક આવતીકાલે પાલનપુરમાં મળશે

બનાસકાંઠા, તા.૭

બનાસકાંઠા જિલ્લા ભાજપની આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૧૨ને લક્ષમાં રાખીને જિલ્લાના સેલસંયોજક ગીરીશભાઈ જગાણીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના તમામ સેલ કન્વીનર-સહ કન્વીનરની તથા તમામ મંડળના સેલ કન્વીનરની બેઠકનું આયોજન તા. ૯-૯-૨૦૧૨ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે ઉમિયા વિદ્યાવિહાર ગણેશપુરા, પાલનપુર ખાતે કરવામાં આવી છે.

આ પ્રસંગે ગુજરાત રાજય ભાજપના તમામ સેલના પ્રભારી અને પ્રદેશ મંત્રી ડૉ. અનિલભાઈ પટેલ, પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી અરજણભાઈ રબારી તથા જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. કે.એસ. મોગરા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે તેવું જિલ્લા ભાજપ મીડીયા સેલની એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## ગાંધી ગાર્ડન નિર્માણ પામશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટનાની પ્રતિકૃતિ સમાન સોલ્ટ માઉન્ટ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સોલ્ટ માઉન્ટ ફરતે વોટર બોડીનું આકર્ષણ પણ ઉભું કરાશે. જયારે અંદાજિત ૧૫ મજલાની ઉંચાઈના સોલ્ટ માઉન્ટ બહાર પબ્લીક ફરી શકે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. સોલ્ટ માઉન્ટ આગળના વિસ્તારમાં ૨૦૦ બાય ૨૦૦ મીટરના વિસ્તારમાં ભવ્ય ગાંધીગાર્ડનનું નિર્માણ કરવામાં આવશે. ગાર્ડનમાં ગાંધીજીના જીવન પર આધારિત વિવિધ મોડલ્સ તૈયાર કરાશે. વધુમાં આ વિસ્તારમાં ૧૨૦૦ વ્યકિતઓ બેસી શકે તેવું એમ.પી. થિયેટર પણ તૈયાર કરાશે. મહાત્મા મંદિરને અનુલક્ષી બે તબક્કામાં અંદાજિત રૂ. ૪૮૫ કરોડથી પણ વધુ ખર્ચ કરવામાં આવનાર છે.

# પાટણના સરીયદ ગામે જૈન દેરાસર મંદિરમાં ૯.૯૫ લાખના ચાંદીના દાગીનાની ચોરી

પાટણ, તા.૭

પાટણ તાલુકાના સરીયદ જૈન દેરાસર મંદિર ખાતે રાત્રિના સમયે કેટલાક ચોર ઈસમોએ મંદિરના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી કિં. રૂ. ૯.૯૫ લાખના ચાંદીના આભૂષણોની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે ફરિયાદી ગૌરાંગભાઈ શાહની ફરિયાદના આધારે વાગડોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જી.આર. વાઘેલાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ આ ઘટનાની વિગત એવી છે કે પાટણ તાલુકાના સરીયદ જૈન દેરાસર મંદિરને ગત રાત્રિના સુમારે કેટલાક ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું અને મંદિરના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલ ભાગ માં નાની મૂર્તિ પરના ચાંદીના દાગીના છત્તર સહિતના આભૂષણો જેની અંદાજે કિં. રૂ. ૯.૯૫ લાખ થાય છે તે લઈ પલાયન થઈ ગયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે પોલીસને જાણ થતાં પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને ડૉગ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ની મદદ લઈ તપાસનો દોર આરંભ્યો હતો અને ચોર ઈસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. જૈન દેરાસર મંદિરમાં થયેલ ચોરી અંગે આજે સમગ્ર ગામમાં દુકાનદારોએ દુકાનો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો.

## વિસનગર શહેરની જ્વેલર્સની દુકાનમાંથી બે ગઠીયાઓએ દાગીના સેરવ્યા

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં એક જ્વેલર્સની દુકાનમાં સોનાના દાગીના ખરીદવાના બહાને આવેલા બે અજાણ્યા યુવાનો દુકાનદારની નજર ચૂકવીને રૂપિયા ત્રણ લાખની કિંમતના સોનાના દાગીનાની કોથળીની ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ બનેલ છે.

ગોલ્ડ પેલેસ નામની જ્વેલર્સની દુકાનમાં બપોરના સમયે દૂકાનદારનો પુત્ર હાજર હતો ત્યારે બે અજાણ્યા યુવાનો સોનાનો દોરો ખરીદવાના બહાને દૂકાનમાં આવ્યા હતા. યુવાનોએ સોનાના દોરોની ખરીદી કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં દૂકાનદારના પુત્રે હમણાં મારા પિતા આવે ત્યારે હિસાબ કરીશું. તમો થોડા સમય પછી આવો તેવુ કહેતાં બે અજાણ્યા યુવાનોએ ૫૦૦૦ રૂપિયા એડવાન્સ પેટે આપ્યા હતા. બાદ આ નાણાં મુકવા જતાં દૂકાનદારના પુત્રની નજર ચૂકવીને બે અજાણ્યા યુવાનો કોથળીમાં મુકેલા સોનાના દાગીનાની ઉઠાંતરી કરીને તુરત ક્યાંક પલાયન થઈ ગયા હતા. દૂકાનદારના પુત્રે દાગીના ભરેલ કોથળીની તપાસ કરતાં તે ન જણાતાં દાગીના ખરીદવા આવેલા બે અજાણ્યા યુવાનો જ દાગીનાની કોથળીની ચોરી કરીને લઈ ગયા હોવાનું માલુમ પડતા પાછળથી વિસનગર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.